# સોમવારે ચોથા તબક્કા માટે મતદાન

**ચોથા તબક્કામાં ચુંટણી પ્રચારના છેલ્લા દિવસે મોદી, રાહુલ ગાંધી સહિતના દિગ્ગજોએ તાકાત લગાવી : યુપી, એમપી, મહારાષ્ટ્ર, રાજસ્થાન ઉપર નજર**

મુંબઈ,તા. ૨૩

૧૭મી લોકસભાની પસંદગી કરવા માટે હાલમાં મતદાનની પ્રક્રિયા ચાલી રહી છે. શરૂઆતના ત્રણ તબક્કામાં મતદાન થયા બાદ આજે ચોથા તબક્કાની ચુંટણી માટે પ્રચારનો અંત આવ્યો હતો. આની સાથે જ ડોર ટુ ડોર પ્રચારની હવે શરૂઆત થશે. ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે દેશના નવ રાજ્યોને આવરી લેતી ૭૧ સીટ પર મતદાન થનાર છે. આને લઈને તમામ તૈયારી ચૂંટણી પંચ દ્વારા કરી લેવામાં આવી છે. ચોથા તબક્કાના મતદાન પહેલા આજે પ્રચારના છેલ્લા દિવસો તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી હતી. વડાપ્રધાન મોદી અને કોંગ્રસ પ્રમુખ રાહુલ ગાંધી જોરદાર પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. ચોથા તબક્કામાં ઉત્તરપ્રદેશની ૧૩, મહારાષ્ટ્રકની ૧૭ સીટ પર મતદાન થનાર છે. આ ઉપરાંત જે રાજ્યોમાં મતદાન થનાર છે તેમાં બિહારની પાંચ, ઝારખંડની ત્રણ, મધ્યપ્રદેશની છ, ઓરિસ્સાની છ, રાજસ્થાનની ૧૩, બંગાળની આઠ અને જમ્મુ કાશ્મીરની એક સીટ પર મતદાન થનાર છે. આ તબક્કામાં પણ ભાજપના નેતૃત્વમાં એનડી અને અન્ય પક્ષો વચ્ચે સીધી ટક્કર છે. ૧૨ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી લોકસભાની ૧૧૬ બેઠકો પર ત્રીજા તબક્કાની ચૂંટણી માટે ૨૩મી એપ્રિલના દિવસે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું. આની સાથે જ હવે ૩૦૨ સીટ પર લોકસભાની ચૂંટણી માટેની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. હવે સોમવારના દિવસે મતદાન પૂર્ણ થયા બાદ ૩૭૩ સીટો ઉપર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. ૧૧મી એપ્રિલના દિવસે પ્રથમ તબક્કામાં અને ૧૮મી એપ્રિલના દિવસે બીજા તબક્કામાં મતદાન થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે અને બીજા તબક્કામાં ૧૮મી એપ્રિલના દિવસે મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં ૨૩મી એપ્રિલના દિવસે મતદાન થયુ હતુ. હવે ચોથા તબક્કામાં સોમવારે ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મીલોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થયુ હતુ. બીજા તબક્કામાં ૧૨ રાજ્યોની ૯૫ સીટ પર મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં ૧૨ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી ૧૧૬ સીટ પર મતદાન થયુ હતુ. હવે સોમવારે ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં મતદાન થનાર છે.

# ૭૦ વર્ષમાં નોટબંધી જેવી ભુલ કોઈએ પણ કરી નથી

**મોદી પોતાના ભાષણમાં રોજગારી, કિસાનો, ૧૫ લાખની વાત કરતા નથી**

રાયબરેલી, તા. ૨૭

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ યુપીએના ચેરમેન સોનિયા ગાંધીની સંસદીય સીટ રાયબરેલીમાં જનસભા યોજી હતી અને વડાપ્રધાન મોદી અને ભાજપ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે છેલ્લા ૭૦ વર્ષમાં કોઈપણ વડાપ્રધાને નોટબંધી જેવી ગંભીર ભુલ કરી ન હતી. રાહુલે અહીં ચોકીદાર ચોર હેના નારા પણ લગાવ્યા હતા. રાહુલે રાયબરેલીમાં કહ્યું હતું કે જો નોટબંધી કાળા નાણાને પરત લાવવા માટે કરાઈ હતી તો ચોર લાઈનમાં કેમ લાગ્યા ન હતા. તમામ ઈમાનદાર લોકો લાઈનોમાં ઉભા રહ્યા હતા. બેરોજગાર અને ખેડુતો જ લાઈનોમાં લાગ્યા હતા. ચોકીદારે તમામના પૈસા કાઢીને ૧૫ ચોર ટોળકીને આપી દીધા છે. મોદીએ ૧૫ લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું જે પૂર્ણ થઈ શક્યું નથી. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે ચોકીદારે યુવાનો પાસેથી રોજગારી પણ આંચકી લીધી છે. અમે મન કી બાત બતાવવા માટે આવ્યા નથી પરંતુ મન કી બાત સાંભળવા માટે આવી રહ્યા છીએ. રાયબરેલી, અમેઠીમાં અમે જે કામ કરાવવા માંગતા હતા તે તમામ કામ મોદીએ રોકી દીધા હતા. અમેઠીમાં રેલવે લાઈનને રોકી દેવાઈ હતી. રાયબરેલીમાં રેલવે ફેકટરીને રોકી દેવામાં આવી હતી. ચોકીદારે રોજગારને લઈને પણ લોકોને ગેરમાર્ગે દોર્યા છે. ચોકીદારે કેટલાક લોકોને ગેરમાર્ગે દોરવાનું કામ કર્યું છે. બેરોજગારીનો દર છેલ્લા ૪૫ વર્ષમાં સૌથી ઊંચી સપાટીએ પહોંચ્યો છે. મોદીએ છેલ્લા ૭૦ વર્ષમાં કોઈ વડપ્રધાને ન કરી હોય તેવી મોટી ભુલ નોટબંધીની કરી હતી. ન્યાય યોજના મારફતે કોંગ્રેસ સરકાર આવશે તો યુવાનોને રોજગારી આપશે. ૨૨ લાખ નોકરીઓ હજુ ખાલી પડેલી છે. બેરોજગારીનું ચિત્ર છે પરંતુ નરેન્દ્ર મોદી આ જગ્યાઓને ભરવા માટે ઈચ્છુક નથી. અમારી સરકાર આવશે તો એક વર્ષમાં ૩૨ લાખ ભરતી કરવામાં આવશે. અચ્છે દિનનો નારો અસરકારક રહ્યો નથી ત્યારે હવે નવો નારો આવી રહ્યો છે.



# દેશ સુરક્ષિત હશે તો જ જીવન પણ સુરક્ષિત હશે : મોદી

**જાતપાતના ખેલ કરનાર પાર્ટીઓ પોતાની જાળમાં ફસાઈ છે : મોદી**

કન્નોજ-સીતાપુર, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશમાં આક્રમક ચુંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. ચુંટણી પ્રચાર કરતા મોદી પોતાના અસલી અંદાજમાં દેખાયા હતા. પોતાના ભાષણથી આકર્ષિત કરનાર લોકોમાં સૌથી આગળ રહેનાર મોદીએ શનિવારે ફરી એકવાર પોતાના અંદાજથી ઉપસ્થિત લોકોને રોમાંચિત કરી દીધા હતા. ઉત્તરપ્રદેશના કનૌજમાં રેલી દરમિયાન મોદીએ પોતે ઉપસ્થિત લોકોને આયેગા તો મોદી હીના નારા લગાવ્યા હતા. વિપક્ષી પાર્ટી કોંગ્રેસ અને ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને રાષ્ટ્રીય લોકતંત્ર ગઠબંધન પર પ્રહાર કરતા મોદીએ આ મુજબની વાત કરી હતી. રેલીમાં મોદીએ કહ્યું હતું કે મહામિલાવટના લોકો તેમને રોકવાના તમામ પ્રયાસ કરી રહ્યા છે પરંતુ આમાં સફળતા મળશે નહીં. મોદીએ ઉપસ્થિ લોકોમાં બેથી ત્રણ વખત આયેગા તો મોદી હીના નારા લગાવ્યા હતા. આ પહેલા કોંગ્રેસ, સપા, બસપા પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે આ ત્રણેયનો એક જ મંત્ર રહેલો છે અને આ મંત્ર જાત પાત જપના જનતા કા માલ અપનાનો રહેલો છે. રાહુલ ગાંધીના એક વીડિયોની ચર્ચા સોશિયલ મીડિયા પર જોવા મળી રહી છે. તેમના એક નિવેદનને એડિટ કરીને દર્શાવવામાં આવ્યું છે. જેનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે અમારા દેશમાં એક એવા પણ બુદ્ધિમાન વ્યક્તિ છે જે આલુમાંથી સોનુ બનાવવામાં સક્ષમ છે. અમે અને અમારી પાર્ટી આવું કામ કરવાની સ્થિતિમાં નથી. અમે ખોટુ બોલવાની સ્થિતિમાં નથી. જેથી જેને બટાકાથી સોનુ બનાવવાનું છે તે તેમની પાસે જઈ શકે છે. મોદીએ ઉમેર્યું હતું કે અમે કોલ્ડ સ્ટોરેજ બનાવીશું. બટાકા માટે વેલ્યુએશનમાં વધારો કરીશું. બટાકાની ચીપ્સ બનાવી શકીએ છીએ. ખેડુતોની આવક બે ગણી કરી શકીએ છીએ. મોદી પ્રચાર દરમિયાન ખૂબ આક્રમક દેખાયા હતા. મોદીએ ઉમેર્યું હતું કે આજે તેમના માટે પ્રચાર કરવામાં દેશના લોકો લાગેલા છે. નવા હિન્દુસ્તાનના નિર્માણ તરફ અમે વધી ચુક્યા છીએ જે આતંકવાદીઓને ઘરમાં ઘુસીને મારવામાં માને છે. જ્યારે દેશ સુરક્ષિત હશે ત્યારે જ સામાન્ય લોકોના જીવન યોગ્ય રીતે ચાલશે. મોદીએ ઉમેર્યું હતું કે તેમના પ્રચારમાં ખેડુતો, જવાનો, યુવાનો, મહિલાઓ, દિવ્યાંગો નીકળી ચુક્યા છે. જે લોકોના પરિવારમાંથી પુત્રો માતૃભૂમિની રક્ષામાં છે, જેમને બુલેટપ્રૂફ જેકેટ અને હથિયારો આપવામાં આવ્યા છે તે પ્રચારમાં વ્યસ્ત છે. જેમના ઘરમાં શૌચાલય બન્યા છે તે તેમના પ્રચારમાં છે. આ ચુંટણી ભાજપ અથવા કાર્યકરો લડી રહ્યા નથી બલ્કે ઉત્તરપ્રદેશની પ્રજા લડી રહી છે.

# મોડાસાના વાંટડા ટોલ પ્લાઝા નજીક 'ધી બર્નિંગ ટ્રક-કન્ટેનર'

**કન્ટેનરમાં રહેલ ૮ બાઈક આગમાં સ્વાહા**

મોડાસા, તા. ૨૭

ઉનાળાના અસહ્ય ગરમીનો પ્રકોપ અરવલ્લી જિલ્લાના માર્ગો



પરથી પસાર થતા વાહનોમાં પર પડી રહી હોય તેમ સતત વાહનોમાં આગ લાગવાની ઘટનાઓ વધી રહી છે. અમદાવાદ-ઉદેપુર ને. હા. નં. ૮ પર આવેલા વાંટડા ટોલ પ્લાઝા નજીક રાજસ્થાન તરફથી આવતા ટ્રક-કન્ટેનરમાં આગ ભભુકી ઉઠતા ભારે નાસભાગ મચી હતી. ટ્રક-કન્ટેનરમાં રહેલા ૮ ન્યુ બાઈક આગમાં ખાખ થયા હતા. મોડાસા નગરપાલિકા ટીમ ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી.

મોડાસાના વાંટડા ટોલપ્લાઝા નજીક રાજસ્થાન તરફથી બાઈક ભરી શો રૂમ પર પહોંચાડવા નીકળેલા ટ્રક-કન્ટેનરમાં આગ લાગતા ચાલકે સમય સુચકતા વાપરી ખાનગી હોટેલ નજીક ઉભી રાખી દીધો હતો. થોડી મિનિટોમાં ટ્રક-કન્ટેનરમાં લાગેલી આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા ટ્રક-કન્ટેનરમાં લાગેલ આગથી ૮ નવી નક્કોર બાઈક ખાખથી ગઈ હતી. મોડાસા નગરપાલિકાની ફાયરબ્રિગેડ ટીમ ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત ઉઠાવી આગને કાબુમાં લેવામાં સફળતા મળતા ટ્રક-કન્ટેનરમાં રહેલી અન્ય વધુ બાઈકને આગમાં ખાખ થતી બચાવી લેવામાં સફળતા મળી હતી.

# પ્રિયંકા ગાંધીનું ગણિત ખૂબ જ કાચુ છે : સ્મૃતિ

અમેઠી, તા. ૨૭

કેન્દ્રિય મંત્રી અને ભાજપના સ્ટાર પ્રચારક સ્મૃતિ ઈરાનીએ આજે ચુંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી ઉપર પ્રહારો કર્યા હતા. પ્રિયંકા ગાંધી ઉપર પ્રહાર કરતા સ્મૃતિએ કહ્યું હતું કે પ્રિયંકાનું ચુંટણ ગણિત ખૂબ કાચુ છે. સ્મૃતિએ રાહુલ ગાંધીને પણ નિશાના ઉપર લઈને તેમના ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે તેમના મહિલા સશક્તિકરણ માટેના વચનો માત્ર ભાષણ સુધી જ મર્યાદિત રહ્યા છે. ગોરીગંજમાં એક જાહેરસભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે જે કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં ૮૦ લોકસભા સીટો પરથી ૨૦ સીટોમાં જ ચુંટણી લડી રહી છે. તેમના એક નેતા કહે છે કે ઉત્તરપ્રદેશમાં ફરી ફરીને સરકાર બનાવીશું. તેમનું ચુંટણી ગણિત ખૂબ નબળું દેખાઈ રહ્યું છે. અત્યારથી જ આવી હાલત છે તો ચુંટણી બાદ તેમની હાલત વધુ કફોડી બની શકે છે.

કોંગ્રેસ પાર્ટીની રણનીતિ ધર્મજાતિના નામ ઉપર સમાજને વિભાજિત કરવાની રહી છે. સાથે સાથે ગરીબોને વધુ ગરીબ બનાવવાની તેમની રણનીતિ રહેલી છે. ગરીબો ક્યારેય પણ આગળ ન આવે અને ગરીબો હંમેશા મદદ માટે હાથ જોડે તેવું વાતાવરણ ઉભું કરવાના પ્રયાસ કોંગ્રેસ પાર્ટીએ વર્ષોથી કર્યા છે. સ્મૃતિએ વર્ષ ૨૦૧૪માં ચુંટણીમાં હાર બાદ પણ અમેઠી છોડ્યું ન હતું પરંતુ રાહુલ ગાંધી હવે અમેઠીમાંથી અન્યત્ર જતા રહ્યા છે.

# ચોથા તબક્કામાં ૩૦૬ કરોડપતિ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે

નવી દિલ્હી, તા. ૨૭

લોકસભાની ચૂંટણીના ચોથા તબક્કામાં મતદાન માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. હવે ચોથા તબક્કામાં સોમવારના દિવસે મતદાન થનાર છે. સામાન્ય ચૂંટણીના ચોથા તબક્કામાં ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારો પૈકી ૩૦૬ ઉમેદવારો કરોડપતિ છે. આ વખતે જે કરોડપતિ ઉમેદવારો મેદાનમાં છે તે પૈકી મહારાષ્ટ્ર રાજ્યના કરોડપતિ ઉમેદવારોની સંખ્યા સૌથી વધારે છે. ચોથા તબક્કામાં કુલ ૩૦૬ કરોડપતિ ઉમેદવાર છે તે પૈકી એકલા મહારાષ્ટ્રના ૧૦૯ કરોડપતિ ઉમેદવારો છે. ચોથા તબક્કામાં ચૂંટણી મેદાનમાં કુલ ૯૪૩ ઉમેદવારો રહેલા છે. જે પૈકી ૯૨૮ ઉમેદવારોના બાબતમાં એસોશિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં ચોથા અને અંતિમ તબક્માં મતદાન થનાર છે. જેમાં મુંબઈની છ સિત ૧૭ બેઠક પર મતદાન થનાર છે. હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે મહારાષ્ટ્રમાં ૨૯મી એપ્રિલના દિવસો જે ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે તે પૈકી ૨૮ ટકા ઉમેદવારો તો ક્રિમિનલ રેકોર્ડ તેમની સામે ધરાવે છે. આ તબક્કામાં પાંચ બેઠકોને રેડ એલર્ટ જાહેર કરવામાં આવી છે. જે સંકેત આપે છે કે મોટી સંખ્યામાં ક્રિમિનલ રેકોર્ડ ધરાવતા ઉમેદવારોને ચૂંટણી મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા છે. આ કેટેગરીમાં રહેલા ટોપ ૧૫ રાજ્યના છે જેમાં કલ્યાણ, પ્રથમ સ્થાન પર છે. જ્યાં ૧૦ ઉમેદવારો એવા છે જેમની સામે ક્રિમિનલ કેસ રહેલા છે. મુંબઈ નોર્થ ઈસ્ટમાં નવ ધુલેમાં સાત અને માવલમાં છ ઉમેદવારો એવા છે જેમની સામે કેસ રહેલા છે. સંપત્તિની વાત કરવામાં આવે તો મુંબઈ સાઉથ સેન્ટ્રલના ઉમેદવાર સંજય ભોંસલે ૧૨૫ કકરોડની સંપત્તિ રહેલી છે. તેમની સંપત્તિની પણ ચર્ચા છે. સંપત્તિની વાત કરવામાં આવે તો મુંબઈ સાઉથ સેન્ટ્રલથી ઉમેદવાર રહેલા સંજય ભોંસલે સૌથી અમીર ઉમેદવાર છે. તેમની સંપત્તિ ૧૨૫ કરોડ રૂપિયાની છે. જ્યારે કોંગ્રેસના નકુલ નાથની સંપત્તિ પણ ખૂબ વધારે છે. તેઓ બીજા સ્થાને છે. ત્યારબાદ શિવસેનાના ઉમેદવાર બરનેની સંપત્તિ ૧૦૨ કરોડની છે.

# હવે માયાવતીના ખાંડ મિલ કાંડના સંદર્ભમાં તપાસ શરૂ

**સીબીઆઇ દ્વારા એફઆઇઆર દાખલ : અન્ય ૧૪ ખાંડ મિલોના વેચાણને લઇને છ જુદી જુદી પીઇ દાખલ કરાઇ**

લખનૌ,તા. ૨૭

માયાવતી સરકારની અવધિમાં વર્ષ ૨૦૧૦-૧૧માં સાત બંધ કરાયેલી ખાંડ મિલોને વેચી દેવામાં થયેલા કોંભાડમાં સીબીઆઈ લખનૌની એન્ટી કરપ્શન બ્રાન્ચે એફઆઈઆર દાખલ કરી છે. આ ઉપરાંત ૧૪ અન્ય ખાંડ મિલોના વેચાણને લઈને છ જુદી જુદી પીઈ પણ દાખલ કરવામાંમ આવી છે. આનો અર્થ એ થયો કે માયાવતી પર સકંજો મજબુત કરવામાં આવી શકે છે. ઉત્તરપ્રદેશ સરકારે ૧૨મી એપ્રિલ ૨૦૧૮ના દિવસે ૨૧ ખાંડ મિલોના વેચાણમાં થયેલી ગેરરિતીના મામલામાં સીબીઆઈ તપાસ માટે ભલામણ કરવામાં આવી હતી. ખાંડ મિલોના વેચાણમાં થયેલા કોંભાડની ઉંડી તપાસ ચાલી રહી છે. આ કોંભાડના કારણે પ્રદેશ સરકારને ૧૧૭૯ કરોડનુ નુકસાન થયુ હતુ. સીબીઆઈ દ્વારા આ મામલામાં દિલ્હીના રોહિણી નિવાસી સહિત કેટલાક લોકોના નામ નોંધી દીધા છે. આ પહેલા રાજ્ય ખાંડ નિગમ લિમિટેડે ખાંડ મિલો ખરીદનાર બે બોગસ કંપનીઓની સામે નવ નવેમ્બર ૨૦૧૭ના દિવસે કાર્યવાહી કરવામાં આવી હતી. તેમની સામે ૨૦૧૭માં ગોમતીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. આ રિપોર્ટ સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન વિંગની તપાસ બાદ કરવામાં આવી હતી. ખાંડ નિગમે વર્ષ ૨૦૧૦-૧૧માં ૨૧ ખાંડ મિલો વેચી દેવામાં આવી હતી. આને લઈને ભારે હોબાળો થયો હતો. માયાવતીના શાસનકાળમાં થયેલા ભ્રષ્ટાચાર અને કોંભાડમાં હવે ઉંડી તપાસ શરૂ કરવામાં આવી છે. વેચાણ પ્રક્રિયાના ગાળા દરમિયાન કંપનીઓ વતી દાખલ દસ્તાવેજોની ચકાસણી થઈ ન હતી.

# ગૌતમ ગંભીરની વિરૂદ્ધ અંતે ફરિયાદ દાખલ કરાઈ

ક્રિકેટરમાંથી નેતા બનેલા ગૌતમ ગંભીરની મુશ્કેલી હાલના દિવસોમાં સતત વધી રહી છે. હાલમાં બે આઈડી કાર્ડ રાખવાના રાખવામાં તેમને લઈને વિવાદ અકબંધ રહ્યો છે ત્યારે ગંભીર ઉપર હવે વધુ એક એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે. આ એફઆઈઆર મંજુરી લીધા વગર રેલી યોજવા સાથે સંબંધિત છે. ગૌતમ ગંભીર ભારતીય જનતા પાર્ટીની ટિકિટ ઉપર ઈસ્ટ દિલ્હીમાંથી ચુંટણી મેદાનમાં છે. ગૌતમ ગંભીરની સામે આમ આદમી પાર્ટીના આતીસી અને કોંગ્રેસના અરવિન્દરસિંહ મેદાનમાં છે. ચુંટણી પંચે ઈસ્ટ દિલ્હીના રિટર્નિંગ ઓફિસરને ગૌતમ ગંભીરની સામે એફઆઈઆર દાખલ કરવા માટે આદેશ કર્યો છે. એવી ફરિયાદ મળી હતી કે ગંભીરે મંજુરી લીધા વિના રેલી યોજી હતી. આમ આદમી પાર્ટીનો આક્ષેપ છે કે ગૌતમ ગંભીર પાસે બે વોટર આઈડી પણ છે. બે વોટર આઈડીનો વિવાદ અકબંધ રહ્યો છે.

## શેકાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીઓમાં પણ રજા હોવાથી દિવસ દરમિયાન શહેરમાં ગરમીની અસર વચ્ચે કરફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો. બપોરના સમયે રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતા.સેકટરોની શેરીઓમાં પણ બપોર થી મોડી સાંજ સુધી કોઈ ચહલપહલ જોવા મળી ન હતી. ગરમીના લીધે નગરજનો દિવસે ઘરમાં કેદ રહેવાનુ પસંદ કરી રહ્યા છે. જયારે ચુંટણીની કામગીરી બાદ કર્મચારીઓએ પણ આકરી ગરમીમાં રજા હોવાથી ઘરે એ સી માં આરામ ફરમાવ્યો હતો. કાતિલ ગરમી વચ્ચે જન આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. ત્યારે ગરમીમાં કુલ રહેવા માટે ઠંડા પીણાં, આઈસ્ક્રીમ અને છાશ સહીત ટેટી તરબુચ સહીતના ફળોની પણ વિશેષ ખરીદી થાય છે. દિવસની ગરમીથી ત્રસ્ત શહેરીજનો હળવા અને ઠંડા થવા માટે હરિયાળા પાર્કમાં ટહેલવા નિકળી પડે છે. ગરમી દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે હીટવેવથી બચવા માટે શહેરીજનોએ પણ સાવચેત રહેવા ઠંડા રહેવાના ઉપાયોને રૂટીન બનાવી દીધા છે.

## અકસ્માતમાં મૃત્યુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પલ્ટી ખાઈ ઉછળતા ભૂજ તરફથી આવતી અન્ય કાર સાથે અથડાતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. ભૂજ તરફથી આવતી કારમાં પણ પાલડીના વેપારી શાહ પરિવારના બે સગા ભાઈઓના મોત નીપજ્યા હતા. નરસિંહભાઈની કારમાં મુસાફરી કરી રહેલા હરિભાઈ અને દેવકીબાનુ પણ મૃત્યુ થતાં હાહાકાર મચી ગયો હતો. આ ગોઝારા અકસ્માતમાં છ વ્યક્તિઓના મૃત્યુ નીપજ્યા છે જયારે એકને ગંભીર ઈજાઓ થઈ છે. ઘોઘારી પરિવારને નડેલા અકસ્માતના સમાચાર ગાંધીનગરમાં મળતા તેમના પરિવારના શાંતિભાઈ ઘોઘારી અને અન્ય ભાઈઓ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જ્યાં પોલીસ સત્તાવાહકોએ વિગતો મેળવી કેસ દાખલ કર્યો હતો. ત્યારબાદ માળિયા હોસ્પિટલ ખાતે મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરાયુ હતુ. અકસ્માતના સમાચાર મળતા કચ્છ-મોરબી-માળિયા પંથકના પરિવારો માળિયા દોડી આવ્યા હતા. મોડી રાત્રે નરસિંહભાઈ અને નર્મદાબેનના મૃતદેહને ગાંધીનગર લવાયા હતા. જ્યાં શનિવારે વહેલી સવારે મુક્તિધામ ખાતે જ્ઞાતિજનો અને પરિવારજનોની હાજરીમાં શાસ્ત્રોક્ત વિધિ સાથે અંતિમ સંસ્કાર કરાયા હતા. સદ્ગતની પ્રાર્થનાસભા ૩૦મી એપ્રિલને મંગળવાર સવારે ૯ થી ૧૧ દરમ્યાન જીઆઈડીસી કોમ્યુનીટી સેન્ટર ગાંધીનગર ખાતે રાખવામાં આવી છે.

## તીવ્ર વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામીણ વિસ્તારમાં પાણીની માંગ તીવ્ર બની છે. બીજી તરફ તંત્ર પાણીની કોઈ તકલીફ નહિ હોવાનું જ કહી રહેલ છે. ઉનાળુ વાવેતર નહિ કરવા માટે સરકારે અગાઉ જ સલાહ આપી હતી. પરંતુ ખેડૂતોએ આ વખતે ૨૩ હજાર હેક્ટરમાં જ વાવેતર કર્યુ છે અને તે પાકને બચાવવા હાલ પાણીની તીવ્ર જરૂરિયાત ઉભી થઈ છે.

## સુવિધા કેન્દ્રો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ છતમાંથી મોટામસ પોપડા ખરી રહ્યા છે. જયારે મોટાભાગની સેકટરોના સુવિધા કેન્દ્રોમાં પ્લાસ્ટર પણ ઉખડી ગયા છે. હાલ મેન પાવર , માલ અને મશીનરીના અભાવ વચ્ચે કાર્યરત સુવિધા કેન્દ્રો આમ પણ રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જો કે માર્ગ મકાન વિભાગ દ્વારા સુવિધા કેન્દ્રોને આઉટ સોર્સિંગથી આપવાની યોજના પણ અમલમાં મુકવામાં આવી છે. પરંતુ સેકટરોમાં આવાસોમાં રહેતા વસાહતીઓની ફરિયાદોના નિકાલ મામલે સુવિધા કચેરીઓ કામગીરીની અસરકારકતા ગુમાવી ચુકી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આ સુવિધા કચેરીઓને મરણપથારીએથી બેઠી કરવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા સુવિધા કેન્દ્રોના નવા બિલ્ડીંગો બાંધવા માટે પણ યોજના તૈયાર થઈ રહી છે. નવી ડિઝાઈન તૈયાર કરી સેકટરોના તમામ સુવિધા કેન્દ્રોને નવા બનાવવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. દાયકાઓ જુના સુવિધા કેન્દ્રોનુ રીનોવેશન કરવાનુ પણ મુશ્કેલ છે. ત્યારે નવીનીકરણ કરવા માટે પણ યોજના તૈયાર કરવામાં આવી રહ્યુ છે . જો કે આ મામલે સેકટરોમાં તબક્કાવાર કામગીરી હાથ ધરાય તેવી પણ સંભાવના છે.

## પેયજળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નહિ દહેગામના છેવાડાના ગામોમાં તો પાણી પાઈપલાઈન દ્વારા પહોંચતુ જ નથી.

ગ્રામ્ય વિસ્તારમાં પાણીની પાઈપલાઈનનુ નેટવર્ક જે પથરાયેલુ છે તેની પાઈપો પણ ઘણી જુની થઈ ગઈ હોવાથી તંત્ર સમક્ષની ફરિયાદો વધી છે જેમકે પાણી ડહોળુ આવે છે, ફોર્સના અભાવે બેક પોઈંટ સુધી પહોંચતુ નથી, પાઈપલાઈનો જુની થઈ હોવાથી લીકેજીસ પણ બહુ થાય છે આ બધી સ્થિતિની સમીક્ષા તાત્કાલિક જિલ્લાકક્ષાએ થાય તેવી માંગ ગ્રામીણ આગેવાનો કહી રહ્યા છે.

## રેકોર્ડ તૂટ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્લાનની પણ જાહેરાત કરવામાં આવી છે. બીજીબાજુ, હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસ સુધી અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાત રાજયમાં હીટવેવની આગાહી કરી છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરત, ભાવનગર, વેરાવળ, પોરબંદર, રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, કચ્છ અને દીવનો સમાવેશ થાય છે. બીજીબાજુ, કાળઝાળ અને બળબળતી ગરમીને લઈ નાગરિકોના આરોગ્ય પર પણ સીધી અસરો પડી રહી છે.

## હાહાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધાઈ હતી. તેમાં મહારાષ્ટ્રમાંથી નવ, મધ્યપ્રદેશમાંથી ૩, ઉત્તરપ્રદેશમાંથી બે અને તેલંગાણામાંથી એક શહેરનો સમાવેશ થાય છે. હવામાન વિભાગનું કહેવું છે કે આ શહેરમાં સૌથી ઉંચુ તાપમાન સિઝનમાં નોંધાયું હતું. વિદર્ભ પ્રદેશમાં અન્ય ક્ષેત્રોમાં પારો ૪૫ ડિગ્રીના આંકડાને પાર કરી ગયો હતો. અમરાવતીમાં ૪૫.૪, બ્રહ્માપુરમાં ૪૫.૮, ચંદ્રપુરાં ૪૫.૬ અને વરધામાં ૪૫.૭ ડિગ્રી સુધી પારો પહોંચ્યો હતો.

## ભારે ભીડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બોલવામાં આવી રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયા બાદ સન્ની દેઓલો પ્રથમ વખત રોડ શો યોજ્યો હતો. ૨૯મી એપ્રિલના દિવસે રાજસ્થાનમાં ૧૩ લોકસભા સીટપર મતદાન થનાર છે. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીને હારમનો સામનો કરવો પડ્યો હતો. હવે ભારતીય જનતા પાર્ટીની સામે તેમના ગુમાવી દીધેલા જનાધારને પરત મેળવવાનો પડકાર છે. સત્તારૂઢ કોંગ્રેસ આ વખતે પ્રદેશની તમામ ૨૫ સીટ પર જીત મેળવીને દિલ્હીની સત્તા સુધી પહોંચવાના પ્રયાસમાં છે.

## ભૂત ધુણ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમિયાન શત્રુઘ્ન સિંહાએ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી પરિવાર મહાત્મા ગાંધીથી લઈને સરદાર વલ્લભભાઈ પટેલથી લઈને મોહંમદ અલી ઝીણા, જવાહરલાલ નહેરુ, ઈન્દિરા ગાંધી અને રાહુલ ગાંધીથી લઈને નેતાજી સુભાષચંદ્ર બોઝની પાર્ટી છે. આપાર્ટીએ દેશની પ્રગતિમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. કોંગ્રેસી નેતા પી.ચિદમ્બરમને પ્રશ્ન કરવામાં આવતા ચિદમ્બરમે કહ્યું હતું કે શત્રુઘ્ન સિંહાએ જે કઈપણ કહ્યું છે કે તે અંગે ખુલાસો કરવો જોઈએ. થોડાક દિવસ પહેલા તેઓ ભાજપના હિસ્સો હતા. કોંગ્રેસના દરેક સભ્યના નિવેદન પર તેઓ ખુલાસો કરવા ઈચ્છુક નથી.